# Surat Municipal Corporation
## e-Magazine

Issue 38
Feb. 10, 2006


### આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૫ની વિન્ટર સ્ટડીટુર



લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસુરીના આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૫ બેચ ના ૧૦ અધિકારીઓની વિન્ટર સ્ટડી ટુર અંતગર્ત તા.૦૩–૦૨–૨૦૦૬ થી ૦૪–૦૨–૨૦૦૬ સુધી સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ૨ દિવસ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મેડીકલ કોલેજ, વરાછા ફલાય ઓવર બ્રીજ, સરથાણા નેચર પાર્ક, વિયર–કમ–કોઝવે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુમન નર્સરી વેસ્ટ ઝોન ઓફિસ, યુ.સી.ડી. વિભાગ, સેન્ટ્રલ ઝોન ખાતે નાગરિક સુવિધા કેન્દ્ર વિગેરેની મુલાકાત લીધી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

### રોડન્ટ કંટ્રોલ ફોર રોડન્ટ બોર્ન ડીસીઝ અંગે યોજાયેલ વર્કશોપ

ડેપ્યુટી કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકાના મુખ્ય મહેમાન પદ હેઠળ તા.૨૭–૧–૦૬ તથા તા.૨૮–૧–૦૬ નાં રોજ મહાવીર કાર્ડીયાક હોસ્પિટલ હોલ, સુરત ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ગુજરાત રાજય તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે રોડન્ટ કંટ્રોલ ફોર રોડન્ટ વેકટર બોર્ન ડીસીઝ વિષય પર વર્કશોપ રાખવામાં આવેલ.....




વધુ માટે કલીક કરો >>>>>>

### ન.પ્રા.શિ. સમિતિના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય યોગશિબિર

નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ માટે યોગશિક્ષક યોગેશભાઈ રાણાના માર્ગદર્શન હેઠળ 'યોગ મટાડે રોગ' અંતર્ગત ત્રિદિવસીય શિબિરનું આયોજન એન.જી.ઝવેરી જૈન હાઈસ્કૂલ, ગોપીપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદઘાટન ભરૂચ જિલ્લા રમતગમત અધિકારી દિનેશભાઈ ચૌધરી કોર્પોરેટર અને હોસ્પિટલ સમિતિના ચેરમેન શ્રીમતિ વીણાબેન રાણાએ બાલાજી ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતિ અલ્કાબેન મહેતા તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં કર્યુ હતું......

વધુ માટે કલીક કરો >>>>>>




### છઠ્ઠો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૬", ચોથો રાષ્ટ્રીય બાગાયત મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૬" અને ત્રીજો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૬"

સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત છઠ્ઠો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૬", ચોથો રાષ્ટ્રીય બાગાયત મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૬" અને ત્રીજો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૬" સમારંભના પ્રમુખ મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી, ઉદ્‌ઘાટક નામાંકિત સાહિત્યકાર અને તત્વચિંતક ડો. ગુણવંતભાઈ શાહ, મુખ્ય મહેમાન વીર નર્મદ દ. ગુ. યુ. ના કુલપતિ ડો. રમેશચંદ્ર કોઠારી, બાગાયત નિયામક ડો. બી. આર. શાહ, તથા ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલાના અતિથિ વિશેષ પદે તા. ૯ ફેબ્રુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૬ દરમ્યાન દરરોજ સવારે ૧૧ કલાક થી રાત્રિના ૧૦ કલાક દરમ્યાન મૂર્તિમંત થઈ રહેલ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૫ની વિન્ટર સ્ટડીટુર

લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસુરીના આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૫ બેચ ના ૧૦ અધિકારીઓની વિન્ટર સ્ટડી ટુર અંતગર્ત તા.૦૩–૦૨–૨૦૦૬ થી ૦૪–૦૨–૨૦૦૬ સુધી સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ૨ દિવસ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મેડીકલ કોલેજ, વરાછા ફલાય ઓવર બ્રીજ, સરથાણા નેચર પાર્ક, વિયર–કમ–કોઝવે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુમન નર્સરી વેસ્ટ ઝોન ઓફિસ, યુ.સી.ડી. વિભાગ, સેન્ટ્રલ ઝોન ખાતે નાગરિક સુવિધા કેન્દ્ર વિગેરેની મુલાકાત લીધી હતી.



ઈ.ચા. મ્યુ. કમિશ્નર શ્રીમતિ વત્સલા વાસુદેવાએ આઈ.એ.એસ. ટીમનું સુરત મહાનગરપાલિકા વતી સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત શહેરની ઐતિહાસિક અને ભૌગોલિક પ્રશ્ચાદ ભૂ માં સુરતની હાલની વસ્તી, વિસ્તાર અને ગીચતા સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો અને વિકાસ કામોની ઝાંખી કરાવતા જણાવ્યું હતું કે સુરત એક વિકાસ પામતું શહેર છે. તેથી અર્બન ડેવલપમેન્ટના નિરીક્ષણ માટે સુરતની પસંદગી કરી તે આનંદની વાત છે. સુરત શહેરમાં ઘણા ઈન્ફાસ્ટ્રકચરની કામગીરી ચાલે છે. આ પ્રસંગે મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે સને ૧૯૯૫ પછી આ શહેરનો વિકાસ વણથંભી રીતે અવિરત આગેકુચ જારી રાખેલ છે. આ શહેરના શાસકોએ વહીવટી પાંખ સાથે સંકલન કરી શહેરના લોકોની પાયાની જરૂરીયાતો ઉપરાંત વાંચન તેમજ ઉચ્ચ શિક્ષણની સુવિધા પુરી પાડેલ છે.

વિવિધ સ્થળ મુલાકાત બાદ તા.૦૪–૦૨–૨૦૦૬નાં રોજ સાંજે ૪.૩૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં ઈ–ગર્વન્સ અને એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ અને સુરતની ડોકયુમેન્ટરી અંગે પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવેલ. પ્રેઝનટેશનમાં સુરતનો ચોમેર વિકાસ નિહાળી તેઓ પ્રભાવિત થઈ તેઓ તરફથી સુરત શહેરના વિકાસ તેમજ વહીવટને લગતી બાબતો અંગે ઉડો રસ લઈ પ્રશ્નોત્તરી કરી સુરત મહાનગરપાલિકા વિશે વધુ માહિતી મેળવેલ. તેઓએ સુરત મહાનગરપાલિકાની નાણાંકીય, સંચાલન, વ્યવસ્થા અને વહીવટી સુધારાની સરાહના કરી હતી. મોટા પ્રોજેકટના કામો, ફલાય ઓવર બ્રીજ, વિયર–કમ–કોઝવે, નાગરિક સુવિધા કેન્દ્રો, રસ્તા, લાઈટ, સ્વચ્છતા, વૃક્ષોની ગ્રીનરી વગેરે જોઈને ખુબજ પ્રભાવિત થયેલ અને આશા સેવેલ કે આ સ્ટડી ટુરથી તેમની ભાવિ કારકિર્દીમાં મદદરૂપ થશે. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે ટીમ લીડર કુ. નિહારિકા રાયને સ્મૃતિ ભેટ અર્પણ કરેલ.

આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૫ બેચના ટીમ લીડર કુ. નિહારિકા રાયે મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીને સ્મૃતિ ભેટ અર્પણ કરેલ. તેમજ તેમની સ્ટડી ટુર દરમ્યાન સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહકાર અને માર્ગદર્શન બદલ આભાર માન્યો હતો.

આ પ્રસંગે ટ્રેઈની અધિકારીઓ ઉપરાંત મેયરશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, નેતાશ્રી શાસક પક્ષ, નેતાશ્રી વિરોધ પક્ષ, ઈ.ચા. મ્યુ. કમિશનરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા સુરત મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ હાજર રહયા હતા.

TOP

## રોડન્ટ કંટ્રોલ ફોર રોડન્ટ બોર્ન ડીસીઝ અંગે યોજાયેલ વર્કશોપ


ડેપ્યુટી કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકાના મુખ્ય મહેમાન પદ હેઠળ તા.૨૭–૧–૦૬ તથા તા.૨૮–૧–૦૬ નાં રોજ મહાવીર કાર્ડીયાક હોસ્પિટલ હોલ, સુરત ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ગુજરાત રાજય તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે રોડન્ટ કંટ્રોલ ફોર રોડન્ટ વેકટર બોર્ન ડીસીઝ વિષય પર વર્કશોપ રાખવામાં આવેલ. જેમાં રોડન્ટ સ્પેશીયાલીસ્ટ નેશનલ પ્લાન્ટ પ્રોટેકશન ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ,મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર, હેદરાબાદના ડો.એ.એમ.કે.રાવ તથા પ્લેગ સર્વેલન્સ યુનિટ, બેંગ્લોરના ડો. શ્યામલ વિશ્વાસ તથા સંયુકત નિયામકશ્રી(એપીડેમીક), ગુજરાત રાજયના ડો. ગાંધી, સ્ટેટ એન્ટોમોલોજીસ્ટ શ્રી પી.ટી. જોષી, રીજીયોનલ ડેપ્યુટી ડાયરેકટર, સુરત ડો. ખાસગીવાલા તથા ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સીટી, નવસારીના પ્રતિનિધિઓ, સુમુલ ડેરીના પ્રતિનિધિ તથા સુરત, નવસારી, વલસાડ જીલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, બ્લોક હેલ્થ ઓફિસરશ્રીઓ તથા એપીડેમીક મેડીકલ ઓફિસરશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ અને આસી.જંતુનાશક અધિકારીશ્રીઓ મળી કુલ ૧૧૮ પાર્ટીસીપન્ટસે ઉત્સાહભેર સદર વર્કશોપમાં ભાગ લીધેલ હતો.



આ સમારંભનું ઉદ્‌ઘાટન ડેપ્યુટી કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકાના ડો.આઈ.સી.પટેલ દ્વારા કરવામાં આવેલ. તેમણે જણાવેલ કે, "Prevention is better than cure" અર્થાત કોઈ પણ રોગની શરૂ થતા પહેલા જ તેના અસરકારક અટકાયતી પગલા લેવા જોઈએ. વધુમાં તેમણે જણાવેલ કે, સુરત શહેરની આજુબાજુના ગામડાઓમાં દર વર્ષે લેપ્ટોસ્પાયરોસીસના કારણે સેંકડો લોકો મૃત્યુ પામે છે, તયરે આ વર્કશોપમાં હાજર રહેલ એકસપર્ટસ દ્વારા વિસ્તૃત ચર્ચા વિચારણા થશે, જેનો લાભ આપણે લેવાનો છે.

આ સમારંભની ઉદ્‌ઘાટન વિધિ બાદ જોઈન્ટ ડાયરેકટરશ્રી, પી.એસ.યુ., બેંગ્લોરના ડો. શ્યામલ વિશ્વાસ દ્વારા સમજાવવામાં આવેલ કે, રોડન્ટ શું છે ? રોડન્ટનું બીહેવીયર કેવુ હોય છે ? તેમની બ્રિડીંગ બાયલોજી શું હોય ? રોડન્ટ દ્વારા માનવ સમાજને કેટલું નુકશાન થાય છે, તથા રોડન્ટના પ્રકાર અને તેનાથી ફેલાતા રોગ જેવા કે, પ્લેગ, લેપ્ટોસ્પાયરોસીસ વિગેરે વિષયત્વે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

ત્યાર બાદ રોડન્ટ સ્પેશીયાલીસ્ટ એન.પી.પી.ટી.આઈ મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર, હેદરાબાદના ડો.એ.એમ.કે.રાવ દ્વારા ગુજરાતમાં થતા વિવિધ રોડન્ટ વેકટર, તેનું ટ્રાન્સમીશન સાયકલ, રોડન્ટ પોપ્યુલેશનના પેરામીટર્સ, કઈ પરિસ્થિતિમાં રોડન્ટનું પોપ્યુલેશન વધી શકે ? વિવિધ રોડન્ટનું રહેણાંક (Habitat), રોડન્ટ કંટ્રોલ અંગે શું પરિબળો ધ્યાને લેવા તથા રોડન્ટ કંટ્રોલ અંગેની વિવિધ રોડન્ટીસાઈડ વિષયત્વે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.




આ સમારંભના બીજા દિવસે એગ્રીકલ્ચર યુનિવર્સીટી, નવસારીના પ્રતિનિધિઓએ તેઓ રોડન્ટ કંટ્રોલ અંગે કઈ રીતે ફાળો આપી શકે તે સમજાવવામાં આવ્યું. સુમુલ ડેરીના પ્રતિનિધિઓ પણ આ કામગીરીમાં સક્રિય ફાળો આપવાનું જણાવેલ. સંયુકત નિયામકશ્રી(એપીડેમીક), ગુજરાત રાજયના ડો.એસ.જે.ગાંધી દ્વારા રાજય સરકાર દ્વારા કરવામાં આવતી લેપ્ટોસ્પાયરોસીસ કામગીરી અંગેની જાણકારી આપી તથા સ્ટેટ એન્ટોમોલોજીસ્ટ શ્રી પી.ટી. જોષીએ રાજય સરકાર દ્વારા કરવામાં આવતી પ્લેગ નિયંત્રણ કામગીરીની આંકડાકીય માહિતી રજુ કરી. સુરત મહાનગરપાલિકાના પ્લેગ સર્વેલન્સ યુનિટ (PSU) દ્વારા કરવામાં આવતી કામગીરીની જાણકારી ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.એચ.કે.સોંધરવા દ્વારા આપવામાં આવી હતી.

સમારંભના અંતે ગૃપ ડીસ્કશન યોજી ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારી, સુરત મહાનગરપાલિકા તથા આરોગ્ય વિભાગ, ગુજરાત રાજય દ્વારા એકશન પ્લાન બનાવી દરેક ગૃપના પ્રતિનિધિઓએ પ્રેઝન્ટેશન કરેલ, તથા અને તેના આધારે અંતે ભલામણો ડ્રાફટ કરવામાં આવેલ. સદર ભલામણો કમિશનરશ્રી(આરોગ્ય), ગુજરાત રાજય દ્વારા એપ્રુવ્ડ થયે તે મુજબ કામગીરી કરવા જણાવવામાં આવેલ. અંતે આ બે દિવસીય વર્કશોપની આભારવિધિ રીજીયોનલ ડેપ્યુટી ડાયરેકટર ડો.ખાસગીવાલા દ્વારા કરવામાં આવેલ.

TOP

## ન.પ્રા.શિ. સમિતિના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય યોગશિબિર

નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ માટે યોગશિક્ષક યોગેશભાઈ રાણાના માર્ગદર્શન હેઠળ 'યોગ મટાડે રોગ' અંતર્ગત ત્રિદિવસીય શિબિરનું આયોજન એન.જી.ઝવેરી જૈન હાઈસ્કૂલ, ગોપીપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદઘાટન ભરૂચ જિલ્લા રમતગમત અધિકારી દિનેશભાઈ ચૌધરી કોર્પોરેટર અને હોસ્પિટલ સમિતિના ચેરમેન શ્રીમતિ વીણાબેન રાણાએ બાલાજી ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતિ અલ્કાબેન મહેતા તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં કર્યુ હતું. આ કાર્યક્રમમાં દિનેશભાઈ ચૌધરી, શ્રીમતિ વર્ષાબેન રાણા, શ્રીમતિ અલ્કાબેન મહેતા વગેરેએ પ્રાંસગિક પ્રવચન કર્યુ હતું. શાળાના આચાર્ય કિશોરભાઈ ટેલરએ ઉપસ્થિત મહાનુભાવોને આવકાર્યા હતા. અને ઉદબોધન કર્યુ હતું યોગ શિક્ષક યોગેશભાઈ રાણાએ સ્વયં આસનના પ્રયોગો બતાવ્યા હતા. અને કયા રોગમાં કયા આસન ઉપયોગી બને છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. યોગના ફાયદા અંગે લાલજી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીઓ તથા એન.જી.ઝવેરી જૈન વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.


TOP

## છઠ્ઠો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૬", ચોથો રાષ્ટ્રીય બાગાયત મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૬" અને ત્રીજો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૬"

સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત છઠ્ઠો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૬", ચોથો રાષ્ટ્રીય બાગાયત મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૬" અને ત્રીજો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૬" સમારંભના પ્રમુખ મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી, ઉદ્‌ઘાટક નામાંકિત સાહિત્યકાર અને તત્વચિંતક ડો. ગુણવંતભાઈ શાહ, મુખ્ય મહેમાન વીર નર્મદ દ. ગુ. યુ. ના કુલપતિ ડો. રમેશચંદ્ર કોઠારી, બાગાયત નિયામક ડો. બી. આર. શાહ, તથા ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલાના અતિથિ વિશેષ પદે તા. ૯ ફેબ્રુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૬ દરમ્યાન દરરોજ સવારે ૧૧ કલાક થી રાત્રિના ૧૦ કલાક દરમ્યાન મૂતિમંત થઈ રહેલ છે.

હાલમાં યોજાઈ રહેલ છઠ્ઠા પુસ્તક મેળામાં દિલ્હી, અમદાવાદ, મુંબઈ વગેરે વિવિધ શહેરોના પુસ્તક વિક્રેતાઓએ ભાગ લીધો છે. બુકસ, સ્ટેશનરી, શૈક્ષણિક અને આધ્યાત્મિક સ્ટોલો મળી કુલ ૧૯૬ સ્ટોલ, બાગાયત મેળામાં નર્સરીના ૭૪ જેટલા સ્ટોલ તથા શિલ્પ મેળામાં ૩૦ જેટલા સ્ટોલનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બાગાયતી મેળા તથા પુષ્પ પ્રદર્શનમાં બોન્સાઈ, તાજા તથા સૂકા ફૂલોની ગોઠવણી, ફૂલ ડેકોરેશન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિજેતા સ્પર્ધકોને પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે. શહેરના નાગરિકો આ સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લેશે એવી આશા રાખું છું. આ ઉપરાંત તા. ૦૯ થી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન પોટ પેઈન્ટીંગ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, પ્રાર્થના ગીત જેવી વિવિધ સ્પર્ધાઓ તથા લોકનૃત્ય, કાવ્ય પઠન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.




TOP